કુખ્યાત સજ્જુ કોઠારી સામે બિન જામીનપાત્ર ધરપકડ વોરંટ ઈસ્યુ

સુરતઃ નાનપુરા જમરૂખ ગલીનો કુખ્યાત સજ્જુ કોઠારી વિરુદ્ધ પ્રિન્સીપલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ દ્વારા બિનજામીન પાત્ર વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. ગુજસીટોકનો આરોપી સજ્જુ કોઠારી જામીન રદ થયાં બાદ હાજર નહીં થતાં મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ કોર્ટ સમક્ષ આરોપી સામે ધરપકડ વોરંટ ઈસ્યુ કરવા વિનંતી કરી હતી.

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ સીટી સબ ડિસ્ટ્રીક્ટ મોજે ડુંભાલના રે.સર્વે.નં. ૭૨ ના બ્લોક નં.૯૬ વાળી જમીનમાં પાડવામાં આવેલ રંગ અવધુત સોસાયટીમાં પ્લોટો પૈકી પ્લોટ નં.૫૩, ૫૪, ૫૪/એ, ૬૮, ૬૯, ૬૯-એ ઉપર બાંધવામાં આવેલ વર્ધમાન એપાર્ટમેન્ટ નામની ઈમારતમાં બાંધવામાં આવેલ દુકાનો પૈકી દુકાન નં.૧૦ જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫૦ ચો.ફુટ દુકાનના બાંધકામ સહિતની મિલકત હમારા અસીલની માલિકીની વહી આવેલ છે જે મિલ્કત અંગેનો કબજા સહિતનો વેચાણ કરાર તા.૨૦/૦૫/૨૦૧૧ ના રોજ નોટરી એડવોકેટશ્રી શાંતિલાલ ડી. પટેલના નોટરી રજીસ્ટરમાં અનુક્રમ નં. ૧૩૮૪/૨૦૧૧ ધી નોંધાયેલ જે કબજા સહિતનો વેચાણ કરાર ગુમ યા ગેરવલ્લે થયેલ છે. જેથી સદરહુ અસલ કબજા સહિતનો વેચાણ કરાર જે કોઈને મળી આવે તે અંગેની જાણ દિન-૭ માં હમારા અસીલ વતી હમોને કરવી જો તેમ કરવામાં કસુર થયેથી વેચાણ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે ત્યારબાદ કોઈની તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩/૨, રામનગર, સી.કે.કેકર્સની સામે, રાંદેર રોડ, સુરત. મો. ૮૮૬૬૧ ૧૧૯૨૨

મયુર ડી. બિજાણી
તે વેચનારના એડવોકેટ

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ) તરીકેની પસંદગી માટે લેખિત પરીક્ષા

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા જારી કરાયેલ કંપનીના અદ્યતન ભરતીના નિયમોનુસાર એપ્રેન્ટીસ એક્ટ–૧૯૬૧ હેઠળ લાઈનમેન ટ્રેડમાં તાલીમ લીધેલ હોય અને એન.સી.વી.ટી./એસ.સી.વી.ટી./જી.સી.વી.ટી. પરીક્ષા પાસ કરેલ હોય તેવા તાલીમાર્થીઓની શારીરિક ક્ષમતાની કસોટી–થાંભલો ચઢવાની પ્રેક્ટીલ ટેસ્ટ તા.૧૭.૦૩.૨૦૨૬ ના રોજ વિવિધ વર્ચુલ કચેરીઓમાં રાખવામાં આવેલ હતી જેમાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવારોની વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ) તરીકેની પસંદગી માટેની લેખિત પરીક્ષા તા.૨૬.૦૩.૨૦૨૬ રવિવારના રોજ સુરત ખાતે રાખવામાં આવેલ છે. આ પરીક્ષાના કોલ લેટર દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. ની વેબસાઈટ www.dgvcl.com/Advertisement પરથી ડાઉનલોડ કરવાના રહેશે.

કા.વા. વિશેષ મહાપ્રબંધક (મા.સં.), દ.ગુ.વી.કં.લિ., સુરત

જાહેર નિવિદા

આથી જર્જરીત જુના મકાનો તોડનાર તથા ભંગારની વસ્તુઓ ખરીદનારાઓને અડદા ગ્રામ પંચાયત તરફથી સુચન કરવામાં આવે છે કે, હાલ અડદા ગ્રામ પંચાયતની જર્જરીત ટાંકી (રોડ ફળિયા) તોડીને તેનો ભંગાર કાટમાળ સહિતની નકાર હતી સામગ્રી લઈ જવા માટેની જાહેર હરાજી તારીખ.27/07/2026 ના રોજ બપોરના 12.00 કલાકે અડદા ગ્રામ પંચાયત કચેરી મુકામે રાખવામાં આવેલી છે. અનામત રકમ 200/- સ્થળ ઉપર હરાજીના સમય પહેલા જમા કરાવવાના રહેશે, જે અનામત રકમ પરત મળવા પાત્ર રહેશે નહીં, તો રસ ધરાવનાર ઠેકેદારોએ તારીખ, સમય, સ્થળ સાથે સમયસર હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો અને બોલીઓ જે તે દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રી
ગ્રામ પંચાયત અડદા
તા.જિ.નવસારી

પારૂલબેન નરેશભાઈ રાઠોડ,
સરપંચ
ગ્રામ પંચાયત અડદા
તા. જી. નવસારી

માહિતી/નવસારી/૧૮૪/૨૦૨૬

કાલુપુર બેંક — ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના:૧૯૭૦ — મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

હેડ ઓફિસઃ 'કાલુપુર બેંક ભવન', ઈન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.
ફોન : ૨૭૫૮૨૦૨૦-૨૬ ફેક્સ : ૦૭૯-૨૭૫૪૪૫૦, ૨૭૫૮૨૦૩૩

કબજા નોટીસ
(સ્થાવર મિલ્કત માટે)

અમો નીચે સહી કરનાર ઓથોરાઈઝ ઓફીસર ધી કાલુપુર કોમ.કો.ઓ.બેંક લિ., કાલુપુર બેંક ભવન, ઈન્કમટેક્ષ સર્કલ, આશ્રમરોડ, અમદાવાદનાએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટની કલમ ૧૩(૧૨) તથા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ-૩ અન્વયે મળેલ અધિકારની રૂઈએ બાકીદાર શ્રી મનિષકુમાર મોડુલાલ અરોરા અને શ્રીમતી માધુરી મનિષકુમાર અરોરાને સદર કાયદાની કલમ-૧૩(૨) હેઠળ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ આપવામાં આવેલ માંગણા નોટિસમાં બાકી પડતી રકમ ૩,૧૨,૪૧,૩૯૫.૨૭ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલું. તેમ છતાં બાકીદારે ૬૦ દિવસ દરમિયાન બેંકના બાકી લ્હેણાંની રકમ ભરપાઈ કરેલ નથી તેમજ કલમ ૧૩(૩/એ) હેઠળ કોઈ રજુઆત કે જવાબ કરેલ નથી.

બાકીદાર નોટીસ મુજબની રકમ ભરપાઈ કરવા નિષ્ફળ ગયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ-૮(૧) સાથે વંચાણમાં લેતા મળેલ અધિકારની રૂઈએ અને સદર કાયદાની કલમ-૧૪ અન્વયે એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, સુરતના તા.૦૧/૦૬/૨૦૨૬ ના હુકમ અન્વયે તથા કોર્ટ કમિશ્નરશ્રી એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સુરત તરફથી તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ ઈસ્યુ કરેલ નોટીસ અન્વયે નીચે દર્શાવેલ સ્થાવર મિલકતનો તા.૧૩/૦૭/૨૦૨૬ ના રોજ કબજો લીધેલ અને તે જ તારીખે તેઓએ બેંકના અધિકૃત અધિકારીને પ્રત્યક્ષ કબજો સુપ્રત કરેલ છે. તેની બાકીદાર, જામીનો, માલિક તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

બાકીદાર, જામીનો, માલીક તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાવર મિલ્કત સબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહીં અને જો કોઈ પણ જાતનો વ્યવહાર કરવામાં આવશે તો તે ધી કાલુપુર કોમ.કો.ઓ.બેંક લિ.ના તા.30/06/2026 સુધીના વ્યાજ સહીતની રકમ ૩,૧૪,૦૯,૯૪૦.૮૮ તથા તે ઉપર ચઢતા વ્યાજ, ખર્ચા તથા ચાર્જને આધિન રહેશે. સદરહું કાયદાની કલમ-૧૩ ની પેટા કલમ-૮ પ્રત્યે ઉદ્યારકર્તાનું ધ્યાન દોરવામાં આવે છે.જેમાં મુકરર મિલ્કત છોડાવવા માટેનો સમય આપવામાં આવેલ છે.

સ્થાવર મિલ્કતનું વર્ણન:-

માલિકનું નામ:- શ્રી મનિષકુમાર મોડુલાલ અરોરા અને શ્રીમતી માધુરી મનિષકુમાર અરોરા

જી.સુરત,તા.સીટી,મોજે - સૈયદપુરા, સીટી સર્વે નં.૩૨૪૬,૩૨૪૭/૨,૩૨૪૭/બ/૩,૩૨૪૭/૬,વોર્ડ નં.૭,ફલેટ નં.૧૦૩,પહેલો માળ કે જે સમૃધ્ધિ એપાર્ટમેન્ટ નામથી ઓળખાતી મિલકત,ઘોબી શેરી,સૈયદપુરા,સુરત કે જેનું કુલ ક્ષેત્રફળ ૫૮.૮૦ ચો.મીટર બીલ્ટઅપ એરીયા સાથે વણવહેચાયેલ હિસ્સા સહિતની ૧૧.૭૨ ચો.મીટર વાળી મિલકત.

તા.૧૫ /૦૭/૨૦૨૬
સ્થળ : સુરત.

(અધિકૃત અધિકારી)
ધી કાલુપુર કોમ.કો.ઓ.બેંક લિ. અમદાવાદ.

બૈંક ઑફ બડૌદા — Bank of Baroda

ગોથાણ શાખા : જી–૨, બી.એસ હાઉસ, બાપાસિતારામ પેટ્રોલીયમ નજીક, શુભાષ રેસીડેન્સી સામે, રોયલ હોટલ ની બાજુમાં, ગામ.ઉમરા, તા. અઠ્ઠામા, જી. સુરત, (મો.): ૯૯૮૦૦ ૨૬૭૨૫
Email : gothan@bankof baroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, **૧. શ્રી અંકિત ભરતભાઈ કુમ્માર (દેવાદાર)**
૨. શ્રી કેયુરભાઈ ભરતભાઈ કુમ્માર (સહ દેવાદાર અને ગીરવેદાર)
અ) પ્લોટ નં.૧૩૭, ઈશ્વરકૃપા સોસાયટી, માતાવાડી, એલ.એચ રોડ, પુણાગામ, સુરત–૩૯૪૨૧૦
બ) ફલેટ નં.૧૦૦૧, ૧૦મો માળ, બિલ્ડીંગ નં. ઈ, વ્રજ વિવાંતા, આશાદીપ સ્કુલ, પુણા, સુરત–૩૯૪૨૧૦.

મહેરબાનશ્રી,
બાબત : અમારી ગોથાણ શાખા, સુરત માંથી મેળવેલ કેડીટ સુવિધાઓ

અમારા **તા.૦૭.૧૦.૨૦૨૨** ના રોજના પત્ર ક્રમાંક : **Retail-00001529889-LMS** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી કેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને કેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/કેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

સુવિધાનો પ્રકાર	લીમીટ	હાલનો વ્યાજ નો દર	બાકી લેણા તા.૧૪.૦૬.૨૦૨૬	કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત
બરોડા ટર્મ લોન ખાતા નં. ૪૦૨૪૦૬૦ ૦૦૦૧૭૨	રૂા. ૨૯,૯૯, ૪૫૭.૦૦ લાખ	૮.૦૫% + ૨% (પેનલ વ્યાજ) વાર્ષિક	બાકી રૂા.૨૮,૭૭,૯૯૦.૦૦ મુળ રકમ + લાગુ નહી કરેલ વ્યાજ રૂા.૨૪૬૫૦.૭૬ + અનસર્વિસ્ડ વ્યાજ રૂા.૫૭,૬૭૦.૧૩ + ચકવૃદ્ધિ વ્યાજ રૂા.૯૯૬.૦૦ = રૂા.૨૯,૬૧,૧૯૬.૯૯ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	ઈકવીટેબ મોંગેજ કરેલ ફલેટ નં.૧૦૦૧, ૧૦મો માળ, બિલ્ડીંગ નં. ઈ, વ્રજ વિવાંતા, આશાદીપ સ્કુલ નજીક, પુણા, સુરત. ખાતે ઈન્સ્ટ્રમેન્ટ ડિપોઝીટ ટાઈટલ ડિડ તા.૧૪.૧૧.૨૦૨૨ માં નોધ નં.૧૫૮૬૯ સબ રજીસ્ટ્રાર સુરત–૩ નવાગામ, જી. સુરત માં થયેલ છે.
કુલ	રૂા. ૨૯,૯૯, ૪૫૭.૦૦ લાખ		રૂા.૨૯,૬૧,૧૯૬.૯૯ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ	

સુરક્ષીત કરેલ મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે વ્રજ વિવાંતા, ની બિલ્ડીંગ નં. ઈ ના ૧૦મા માળ નો ફલેટ નં.૧૦૦૧, રેરા રૂલ મુજબ એકટ– ૨૦૧૬ માપ ૫૮.૬૪ ચો.મી કારપેટ એરિયા વણવહેચાયેલ હિસ્સા ના તમામ હક સાથે બાંધકામ થયેલ જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૭૩/૧ અને ૧૭૩/૨, બ્લોક નં.૧૯૮ માપ ૮૬૦૦ ચો.મી, ટી.પી.સ્કીમ નં.૬૦ (પુણા), ફાઈનલ પ્લોટ નં.૭૦ માપ ૬૮૮૦ ચો.મી, મોજે ગામ.પુણા, સબ ડિસ્ટ્રીકટ, પુણા (સુરત સીટી), જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** જોડેનો ફલેટ નં.ઈ/૧૦૦૨, **પશ્ચિમ તરફ :** જોડેની ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ :** જોડેનો ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ :** જોડેનો ફલેટ નં.ઈ/૧૦૦૪ .

૨. દસ્તાવેજ મુજબ તમે **તા.૦૭.૧૦.૨૦૨૨** ના રોજના **રૂા.૨૯,૯૯,૪૫૭.૦૦** ની જવાબદારી સ્વીકારી છે. બેંકની ગાઈડલાઈન મુજબ બાકી રકમ ચાર્જીસ સ્વીકારેલ છે. ૩. તમે જાણો છો કે તમે કસુર કર્યો છે /નાણાકીય શિસ્ત જાળવી રાખી નથી. અને ઉપરોકત નાણાકીય સહાય/કેડિટ સુવિધાઓનું સંચાલન તમારા ઉપરોકત કેડિટ સુવિધા ખાતામાં અનિયમિત બન્યું છે, તે મુજબ **જુન–૨૦૨૬** માં પૂરા થયેલ ત્રિમાસિક ગાળામાં માટે ઉપરોકત ખાતાને **તા.૧૦.૦૩.૨૦૨૬** ના રોજ નોન પર્ફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. ૪. તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૮.૦૬.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદતવીતી લોન ની રકમ અને તેના પરના વ્યાજ ચુકવ્યા નથી. ૫. લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી લોન ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૨૯,૬૧,૧૯૬.૯૯(રૂા.ઓગણત્રીસ લાખ એકસઠ હજાર એકસો છન્નું અને નેવ્યાંસી પૈસા પુરા) વધારાનું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૬. કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૭. તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ ની તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૯. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છૂટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૧૮.૦૬.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ગોથાણ શાખા

-:: જાહેર રોતવણી ::

શહેર સુરતના હવાડીયા ચકલા, ગોદામાનીયાની પોળ, હાથીવાલા દેરાસર પાસે, **ગોપીપુરા**માં આવેલ **વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૧૨૪૩, ૧૨૪૪, ૧૨૪૫** વાળી **દુલાલ નિવાસ**ના નામવાળી જમીન અમલા ઈમારતવાળી મીલકતો **તથા** શહેર સુરતનાં પાર્લેપોઈન્ટ નજુક ઉમરા વિસ્તારમાં આવેલ **જલદર્શન સોસાયટીમાં આવેલ બંગલા નં. ૨૫** વાળી **સ્વામી વિવેકાનંદ** નામવાળી જમીન અમલા ઈમારતવાળી મીલકત **ભુવનબાબુ મંડળ** ની એકલાની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલી છે. હમારા અસીલના ધંધાની ભાગીદારી પેઢીના એક ભાગીદારે હમારા અસીલ સાથે ફ્રોડ કરીને હમારા અસીલની ઉપર જણાવેલી મજકુર મીલકતોને લીટીગેશનમાં ફસાવી દીધેલ છે. આમ, હમારા અસીલને ફ્રોડ થયા અંગેની જાણ થતા હમારા અસીલે અન્ય ભાગીદાર સાથે મળીને મજકુર શખ્સ વિરૂધ્ધ કલમ-૪૦૯, ૪૨૦ અને ૩૪ અંતર્ગત નં. ૨૭૫/૧૯ (૦૦૯૧૪૨) થી **F.I.R.** કરેલ છે. **F.I.R.** થતા મજકુર ફ્રોડ કરનાર ભાગીદાર તુરંત જ ઈન્ડીયા છોડીને અન્ય દેશમાં પલાયણ થઈ ગયેલ છે. જેથી મજકુર મીલકતો અંગે હમારા અસીલે **Economic Offences Wing** માં તથા **Debt Recovery Tribunal** માં ફરીયાદ/દાવા દાખલ કરેલ છે. તેમજ **Moratorium** પણ ફાઈલ કરેલ છે. તેમજ વારસદારોના પણ ઝઘડા ચાલી આવેલા છે. વધુમાં આ કોભાંડમાં જોડાયેલા શખ્સ યા શખ્સો વિરૂધ્ધ તથા **બેંક મેનેજર** વિરૂધ્ધ પણ હમારા અસીલે ફોજદારી રાહે કાયદાકીય કાર્યવાહી કરેલી છે. જેથી સદરહું મીલકતોમાં હમારા અસીલના માલીકી અને કબજા-વપરાશના હકકો સમાયેલા હોય કોઈપણ શખ્સ યા શખ્સો કે બ્રોકર્સ સદરહુ મીલકતો અંગે કોઈપણ વ્યવહાર કરશે કે ખરીદવાની કોશીષ કરશે કે હમારા અસીલના માલીકી તથા કબજાના હકકોને ફ્રસ્ટ્રેટ કરવાની કોશીષ કરશે તો તેઓને સદરહુ મીલકતોનો પ્રત્યક્ષ કબજો કે માલીકી હકક મળશે. નહી ઉલ્ટાનું કોર્ટ કચેરીના પ્રકરણોમાં સંડોવવાવું પડશે અને તેવી વ્યકિતને તકરાર સિવાય કશું મળશે નહી. જેની તમામે ગંભીર નોંધ લેવી.

ઓફીસ : HG-77, સી-વિંગ, શ્રીજી આર્કેડ, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત.

જયદીપ એલ. ફીજીવાલા તે
ભુવનબાબુ મંડળના એડવોકેટ સાહેબ
મોબાઈલ :૯૦૧૬૮૮૨૩૮૪

:: ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, પલસાણા સબ–ડીસ્ટ્રીકટ ના **મોજે ગામ : વણેસા** ના રેવન્યુ સર્વે નં.૩૬૨, બ્લોક નં.૩૯૮ કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.ચો.મી. ૩–૯૦–૫૨ યાને ૩૯૦૫૨ ચો.મી.** તથા પોત–ખરાબા અ ની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૦૪–૦૫ યાને ૪૦૫.૦૦ ચો.મી. કુલ્લે મળી ક્ષેત્રફળ **હે.આરે.ચો.મી. ૩–૯૪–૫૭ યાને ૩૯૪૫૭.૦૦ ચો.મી.** છે, જેનો આકાર રૂા.૨૪.૧૯ પૈસા વાળી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડે માલીક **ઈશ્વરભાઈ ભીખાભાઈ**, રહે. ૧૬૩, રાજપુત ફળીયું, વણેસા, તાલુકો– પલસાણા, જીલ્લો–સુરત–૩૯૪૩૧૦, ગુજરાત, **Presently residing at : 3924 Arthur Hennesay CT EL Centro, CA 92243, USA** માલીકી/કબજેદાર તરીકે ચાલી આવેલા હોવાનું જણાવી તથા તેઓને સદરહુ ખેતીની જમીન અંગે હરકોઈ રીતનો વહીવટ અને વ્યવસ્થા કરવાનો અધિકાર હોવાનું જણાવી તથા ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ જમીન બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો, કબજામાં, હિત–સંબંધ, સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી ખત, ગીરોખત, કોઈના રસ્તા વપરાશના ઈજમેન્ટના હકકો, અધિકાર હોય તો **દિન–૭** ની મુદતમાં દસ્તાવેજી પુરાવા સહીત લેખિત જાણ કરવી. નહિતર મુદત વિત્યે કોઈનો હકકો, હિત નથી એમ માની અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા કર્યા યાને વેવ કર્યા કોવાનું માની હમારા અસીલ પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં પુર્ણ કરાવી લેશે અને ત્યારબાદ કોઈની તર તકરાર, દર–દાવા કે વાંધા વચકાને અવકાશ રહેશે નહી. જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) પ્લોટ નં. ૧૦૧, સોમનાથ નગર સોસાયટી, વિશ્વકર્મા વાડીની બાજુમાં, ભટાર, સુરત–૩૯૫૦૧૭. મો. ૯૮૯૮૪૭૨૪૮૯.

રાજેન્દ્ર બબન પવાર
તે ખરીદનારના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડિસ્ટ્રીકટ સુરત, તા. ઓલપાડ, મોજે કાસલાખુર્દના બ્લોક/સર્વે નં. ૧૮૭, જેનો જુનો બ્લોક/સર્વે નં. ૭૪/૬/૬, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦૦–૨૫–૨૯ ચો.મી. જેનો ખાતા નં. ૯૬, જેનો આકાર રૂ. ૧.૫૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન (૧) પ્રમોદભાઈ નટવરભાઈ (૨) અરવિંદભાઈ નટવરભાઈ (૩) ચંદ્રિકાબેન નટવરભાઈ (૪) દમયંતીબેન નટવરભાઈ (૫) લક્ષ્મીબેન નટવરભાઈ ની સંયુકત માલિકી, કબજા ભોગવટા, વહીવટ હેઠળ ચાલી આવેલી છે. તેઓએ સદરહુ જમીન કોઈપણ પ્રકારના દાવાઓ, બોજાઓ વગરની માર્કેટેબલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કર્યું છે અને અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરવાનો ઈરાદો ધરાવે છે આથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ-બોજો, દાવો-ફરિયાદ હોય તો તેમણે આ **જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન – ૦૭ (સાત)** માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ-બોજો, દાવો-ફરિયાદ નથી અને જો હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માનીને અમારા અસીલ સદરહુ જમીન અંગે જરૂરી તમામ પ્રકારના રજી. દસ્તાવેજ કરાવી લેશે જેથી ભવિષ્યમાં તે અંગેની કોઈની કોઈપણ પ્રકારે તકરાર, દાવો, ફરિયાદ, વાંધા ચાલશે નહીં. તેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. તા. ૧૫/૦૭/૨૦૨૬

અસીલની સૂચનાથી **હિંમત જે. તરસરીયા** એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : ૧૦૧, સૂર્યકિરણ એપાર્ટમેન્ટ, રંગદર્શન સોસાયટી, કતારગામ સીંગણપોર રોડ, સુરત. (મો.) : ૯૭૨૬૭ ૦૪૩૨૨

મોજે-એકલેરા તા.:- ચોર્યાસી, જીલ્લોઃ- સુરતના બ્લોક નંબર : ૧૯૪ પૈકી વાળી ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ ચોર્યાસી સબ-ડિસ્ટ્રીકટ, મોજે ગામ એકલેરા ના બ્લોક નબર: ૧૯૪ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૮૪-૯૮ ચો.મી.પૈકી વણવહેચાયેલ હિસ્સો ૦-૫૫-૦૦ ચો.મી. છે તે ખેડખાતાની ખેતીની જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીત દરોબસ્ત **Ahmed Farouk Suliman, Ahmed Abdul Sattar, Ebrahim Abul Kalam Azad** ના નામો ની માલીકીની કબજા ભોગવટા વહીવટ હેઠળની તથા તમામ પ્રકારના દાવાઓથી મુક્ત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી તથા સદર જમીન અંગે કોઈ સોદાચીઠ્ઠી, સાટાખત, લખાણો કે કરારો કરેલ નથી, પાવર આપેલ નથી કે કોઈ ત્રાહિત વ્યકિતને વેચાણ આપેલ નથી. તેવું જણાવી અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદર જમીનમાં ઉપરોકત જણાવેલ જમીન માલિક સિવાય અન્ય કોઈ વ્યકિતબેંક, સંસ્થા કે સહકારી મંડળીનો કોઈપણ પ્રકારનો હકક હિત, હિસ્સો, બોજો, લાગ-ભાગ તેમજ દર-દાવો, સૌંદાચિઠિ, સાટાખત બાનાખત કે ગણોતિયા હકક, ભરણપોષણના હકકો, સુખાધિકારના હકકો કે વારસાઈ હકકો કે કબજો કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૧૦માં અસલ દસ્તાવેજી પુરાવા સહિત હમોને તેની લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિતા, હિસ્સો, બોજ, લાગ-ભાગ, કે દસ-દાવો કે કબજા હકક નથી અને હોય તો તે તમામ છોડી દીધા છે યાને વેવ કર્યા છે તેમ સમજી અમારા અસીલ કાયદેસરના વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે . ત્યારબાદ કોઈની તર-ત